# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 06-06-2025 Day: Friday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## P.M. – જમ્મુ કાશ્મીરના પ્રવાસે

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે જમ્મુ-કાશ્મીરના પ્રવાસ દરમિયાન ઉધમપુર-શ્રીનગર-બારામૂલા રેલવે પરિયોજનાઓને રાષ્ટ્રને સમર્પિત કરશે. 272 કિલોમીટરની આ પરિયોજનાનું નિર્માણ અંદાજે 44 હજાર કરોડ રૂપિયાના ખર્ચથી કરાયું છે. પરિયાજના સંપૂર્ણ રીતે વીજળીકૃત રેલવે લાઈનો છે અને તેમાં 36 ટનલ અને 943 બ્રિજ સામેલ છે. પરિયોજના હેઠળ ચિનાબ બ્રિજ વિશ્વનો સૌથી ઊંચો રેલવે આર્ચ બ્રિજ અને દેશનો પહેલો કૅબલ આધારિત રેલવે બ્રિજ છે.

શ્રી મોદી બે વંદે ભારત ઍક્સપ્રેસ ટ્રૅનને પણ લીલીઝંડી બતાવશે  એક ટ્રૅન શ્રીમાતા વૈષ્ણોદેવી કટરાથી શ્રીનગર અને બીજી શ્રીનગરથી કટારા સુધી દોડશે. ખાસ કરીને સરહદી ક્ષેત્રોમાં સંપર્ક માટે પ્રધાનમંત્રી વિવિધ માર્ગ પરિયોજનાઓનું પણ શ્રી મોદી લોકાર્પણ કરશે. તેઓ કટરા ખાતે 350 કરોડ રૂપિયાથી વધુની શ્રી માતા વૈષ્ણોદેવી ઇન્ટિટ્યૂટ ઑફ મૅડિકલ એક્સલૅન્સનું પણ ખાતમુહૂર્ત કરશે.

---------------------------------------------------------------------------------------------------------

## P.M. – NDA સરકારના 11 વર્ષ પૂર્ણ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેમની સરકારને કરુણાથી ભરેલી અને ગરીબ કલ્યાણ પ્રત્યે સમર્પિત ગણાવી. શ્રી મોદીએ સોશિયલ મીડિયા સંદેશમાં રાષ્ટ્રીય લોકશાહી જોડાણ- **NDA** સરકારના 11 વર્ષ પૂર્ણ થવા પર, લોકોને ગરીબીમાંથી બહાર લાવવાના કેન્દ્ર સરકાર દ્વારા લેવાયેલા પગલાઓનો પણ ઉલ્લેખ કર્યો.

---------------------------------------------------------------------------------------------------------

## C.M.-ગાંધીનગર ખાતે માતૃવન – વનકચવ બનાવાશે

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું-ગાંધીનગર સચિવાલય સંકુલ પરિસરમાં 16 હજાર જેટલા વૃક્ષોનું માતૃવન-વન કવચ બનાવાશે. વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે 'એક પેડ માં કે નામના બીજા તબક્કા' અંતર્ગત માતૃવન વનકવચ નિર્માણનો પ્રારંભ કરાવતા શ્રી પટેલે જણાવ્યું કે ગુજરાતે આ અભિયાનમાં 17 કરોડ 48 લાખ રોપાઓના વાવેતર સાથે દેશભરમાં દ્વિતીય સ્થાન મેળવ્યું છે. તેમણે નાગરિકોને હરિયાળી વધારવામાં સહયોગ આપવાનો સંકલ્પ લેવા અપીલ કરી હતી.

------------------------------------------------------------------------------------------

## રાજ્ય માર્ગ પરિવહન નિગમ દ્વારા ઉનાળુ વેકેશનમાં વધારાની ટ્રીપો

ઉનાળુ વેકેશન દરમિયાન ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ દ્વારા 2 હજાર 780 વધારાની બસો દોડાવવામાં આવી. સત્તાવાર યાદીમાં જણાવ્યા અનુસાર 8 લાખથી વધુ મુસાફરોએ આ સુવિધાનો લાભ લીધો છે. ગત વર્ષની સરખામણીએ આ વર્ષે મુસાફરોની સંખ્યામાં 2 લાખ 38 હજારનો વધારો થયો છે. આ વધારાની બસોના સંચાલનથી એસ.ટી નિગમને 3 કરોડ 78 લાખ રૂપિયાથી વધુની આવક થઈ છે.

પ્રવાસીઓ ધાર્મિક સ્થળોના દર્શને જઈ શકે તે માટે એસ.ટી નિગમ દ્વારા અમદાવાદથી અંબાજી, સોમનાથ, દ્વારકા માટે રોજની 10 ટ્રિપ અને ડાકોર, પાવાગઢ, ગીરનાર માટે રોજની 5 ટ્રિપ તથા પ્રવાસન સ્થળો જેવા કે, સ્ટેચ્યુ ઓફ યુનિટી, સાસણગીર, સાપુતારા માટે અમદાવાદથી રોજની 5 ટ્રિપ તેમજ દીવ અને કચ્છનાં પ્રવાસ માટે અમદાવાદથી રોજની 10 બસોની ટ્રિપનું આયોજન કરવામાં આવ્યું હતું.

------------------------------------------------------------------------------------------

## વિધાનસભાની બે બેઠકોનું ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થયું

ગુજરાત વિધાનસભાની બે બેઠકોની ચાલુ મહિને યોજાનાર બેઠકોની ચૂંટણીનું ચિત્ર સ્પષ્ટ થયું છે. ગઈકાલે ઉમેદવારી પત્રો પાછા ખેંચાવાના દિને બન્ને બેઠકો પર 24 ઉમેદવારો જંગમાં

રહ્યા છે. જૂનાગઢ જિલ્લાની વિસાવદર બેઠક પર 16 ઉમેદવારો વચ્ચે જ્યારે મહેસાણા જિલ્લાની કડી બેઠક પર 8 ઉમેદવારો વચ્ચે જંગ ખેલાશે બંને બેઠકો પર ભારતીય જનતા પાર્ટી કોગ્રેસ અને આમ આદમી પાર્ટીના ઉમેદવારો મેદાનમાં છે મતદાન 19 મી જૂને થશે જ્યારે 23 મીએ મત ગણતરી થશે.

---------------------------------------------------------------------------------

## જિલ્લામાં કોરોના સંક્રમણ

રાજ્યની સાથે કચ્છમાં પણ કોરોના સંક્રમણ ધીમેધીમે ફેલાવો વિસ્તારી રહ્યું છે. જિલ્લામાં વધુ બે લોકો કોરોના સંક્રમિત થતાં કચ્છમાં કુલ નોંધાયેલા પોઝિટિવ કેસનો આંક 19 પર પહોંચ્યો છે. ગઇકાલે નોંધાયેલા કેસમાં દર્દીઓને હોમ આઈસોલેશનમાં રખાયા છે. રોગચાળા નિયંત્રણ અધિકારી ડો. કેશવકુમારે વિગતો આપતાં કહ્યું કે, નોંધાયેલા આ બે કેસ અંજાર અને અબડાસામાં નોંધાયા છે. બીજીબાજુ કુલ નોંધાયેલા 19 પૈકી ચાર લોકોનો ક્વોરેન્ટાઈન સમયગાળો પૂર્ણ થતાં તેઓ કોરનામુક્ત થતાં હવે જિલ્લામાં સક્રિય કેસનો આંક 15 થયો છે. કચ્છમાં કુલ નોંધાયેલા કેસમાં સૌથી વધુ નવ લોકો ભુજમાં સંક્રમિત થયા છે. આ ઉપરાંત ગાંધીધામ, માંડવી, મુંદરા, નખત્રાણા અને અબડાસામાં કોરોના કેસે પોતાની હાજરી પૂરાવતાં સંક્રમણનો વ્યાપ છ તાલુકા સુધી વિસ્તર્યો છે.

---------------------------------------------------------------------------------

## વિશ્વ પર્યાવરણ દિનની વિશેષ સફાઇ અભિયાન દ્વારા ઉજવણી

ગઇકાલે વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણીના ભાગરૂપે શહેરમાં સ્વચ્છતા સાથે જિલ્લા વહીવટી તંત્ર અને ભારતીય સેનાના સંયુક્ત ઉપક્રમે આર.ટી.ઓ. સર્કલથી આત્મારામ સર્કલ સુધીના માર્ગ પર વિશેષ સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ અભિયાનમાં નાગરિક સંરક્ષણ કચેરી, ભુજના વોર્ડનો અને સ્વયંસેવકો, ભુજ નગરપાલિકાના કર્મચારીઓ અને સફાઈ કામદારો તેમજ ભારતીય સેનાના જવાનોએ સહભાગી બની આ માર્ગની સંપૂર્ણ સફાઈ કરી અને જન જાગૃતિ અભિયાનમાં યોગદાન આપ્યું હતું. આ અભિયાનનો મુખ્ય હેતુ પર્યાવરણ પ્રત્યે

લોકોમાં જાગૃતિ ફેલાવવી અને ભુજ શહેરને સ્વચ્છ અને સિટિઝન ફ્રેન્ડલી શહેર બનાવવાની દિશામાં લોકસહભાગીતાથી કાર્ય કરવાનો રહ્યો હતો.

------------------------------------------------------------------------------------